સિંચાઈને લગતા કામના સ્થળે કામની વિગતો તથા
સ્પેશીફિકેશન દર્શાવતા બોર્ડ મૂકવા અંગે

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક-એમઆઈએસ-૧૦૨૦૧૦-૧૭-(૨)-ક-૧,
સચિવાલય, ગાંધીનગર.
તા. 29 JAN 2011

વંચાણે લીધાઃ- માર્ગ અને મકાન વિભાગના તા.૨૦-૧૨-૯૦ અને ૧૮-૧૧-૯૧ નો ઠરાવ ક્રમાંક-ટીએનસી-૧૦૯૨-૨૧-સ

<u>પરિપત્રઃ-</u>

સિંચાઈ વિભાગ હસ્તક વિવિધ પ્રકારની કામગીરી ચાલતી હોય છે આથી આ કામની જાણકારી જાહેર જનતાને મળી રહે અને કામમાં કોઈ અનિયમિતતા ન થાય અને પારદર્શકતા જળવાઈ રહે તે બાબત.અત્યંત જરૂરી છે જે ધ્યાને લઈ નીચે પ્રમાણેની સૂચના આપવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) કામના સ્થળે ઈજારદારના સ્વખર્ચે બોર્ડ લગાવવાની કામગીરી કરવાની રહેશે. આ બોર્ડમાં કામની અગત્યની વિગતો દર્શાવતી માહિતી તથા સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીનું કચેરીનું સરનામું, ફોન નંબર, ફેકસ નંબર પણ જણાવવાનું રહેશે. ઉપરોકત શરત ટેન્ડરના ભાગ તરીકે ગણવાની રહેશે અને ટેન્ડરમાં તેનો સમાવેશ કરવાનો રહેશે.

(૨) કામ ચાલુ કરવાનો હુકમ આપવામાં આવે તે પહેલાં આ બાબતની જરૂરી સંમતિ સંબંધિત ઈજારદાર પાસેથી લેખિતમાં મેળવી લેવી.

(3) જયાં સુધી ઈજારદાર દ્વારા સ્વખર્ચે જરૂરી વિગત/ માહિતી વાળુ બોર્ડ નિયત સ્થળે લગાવીને ફોટોગ્રાફસ સહિતનો અહેવાલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને કાર્યપાલક ઈજનેરશ્રીની જાણ હેઠળ રજુ કરે નહીં ત્યાં સુધી ટેન્ડરની અમુક રકમ હંગામી ધોરણે રોકી રાખવાની રહેશે..

પાછળના પાને...

(૪) સિંચાઈ વિભાગને સંબંધિત કામોમાં કેટલાંક કામોનું ક્ષેત્રફળ સિમિત હોય છે જયારે નહેરો, પાઈપ લાઈનો વિગેરે કામોની લંબાઈનો વ્યાપ વધુ હોય છે જેથી તેવા કામોના બન્ને છેડે બોર્ડ મૂકવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાકીય સલાહકારશ્રીની તા.૬-૧-૨૦૧૧ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ઉપર્યુકત સૂચનાઓનું ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

( એમ. પી. રાવલ )
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

તિ,
ચિવશ્રી (જસં.) ના અંગત સચિવશ્રી, ન. જ. સં. પા. પુ. અને ક. વિ., સચિવાલય, ગાંધીનગર.
ાસ સચિવશ્રી (જસં.) ના અંગત સચિવશ્રી, ન. જ. સં. પા. પુ. અને ક. વિ., સચિવાલય, ાંધીનગર.
ર્વે મુખ્ય ઈજનેરશ્રી અને અધિક સચિવશ્રી, ના અંગત સચિવશ્રી, ન. જ. સં. પા. પુ. અને ક. વિ., ચિવાલય, ગાંધીનગર
ર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,
લેકટ ફાઈલ.